# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-09-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-મેક્રો:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન સાથે આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું, જેમાં યુક્રેનમાં સંઘર્ષનો વહેલામાં વહેલી તકે અંત લાવવાના પ્રયાસોનો પણ સમાવેશ થાય છે. શ્રી મોદીએ સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ તથા શાંતિ અને સ્થિરતાની વહેલી પુનઃસ્થાપના માટે ભારતના સતત સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. ટેલિફોનિક વાતચીતમાં, બંને નેતાઓએ વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગમાં પ્રગતિની સમીક્ષા અને મૂલ્યાંકન કર્યું.

---------------------------------------------------------------------------------------------------

## સહકાર મંત્રાલય-GST:

કેન્દ્ર સરકારે તાજેતરમાં મુખ્ય ક્ષેત્રોમાં વસ્તુ અને સેવા કરમાં વ્યાપક ઘટાડાની જાહેરાત કરી છે જે સહકારી સંસ્થાઓ, ખેડૂતો, ગ્રામીણ ઉદ્યોગોને સીધી અસર કરે છે અને દેશના 10 કરોડથી વધુ ડેરી ખેડૂતોને લાભ આપે છે. સહકાર મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ સીમાચિહ્નરૂપ સુધારાઓ સહકારી ક્ષેત્રને મજબૂત બનાવશે, તેમના ઉત્પાદનોને સ્પર્ધાત્મક બનાવશે, તેમના ઉત્પાદનોની માંગ અને સહકારી સંસ્થાઓની આવક વધારશે. આ સુધારાઓ ગ્રામીણ ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપશે અને લાખો પરિવારો માટે આવશ્યક ચીજવસ્તુઓની સસ્તી પહોંચ સુનિશ્ચિત કરશે.

GST દરમાં ઘટાડાથી ખેતી અને પશુપાલનમાં સહકારી સંસ્થાઓને ફાયદો થશે, ટકાઉ ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન મળશે અને નાના ખેડૂતોને ફાયદો થશે.

---------------------------------------------------------------------------------------------------

## વિધાનસભા સત્ર:

ગુજરાત વિધાનસભાના ચોમાસા સત્ર પહેલા ગઈકાલે કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ. સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, બેઠકમાં વિધાનસભા ગૃહ માટેના કામકાજની ચર્ચા થઈ. સત્રના પહેલા દિવસે પ્રશ્નોત્તરી અને શોકદર્શક ઠરાવ કરાશે અને પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ અપાશે. જ્યારે બીજા દિવસે “ઑપરેશન સિન્દૂર” તથા વસ્તુ અને સેવા કર – GST ફેરફાર અંગે અભિનન્દન પ્રસ્તાવ રજૂ કરાશે.

---

## ખગ્રાસ ચંદ્રગ્રહણ:

આજે ભાદરવી પૂનમનું પર્વ અંબાજીના મંદિરમાં ભરાતા મેળાનું સમાપન થશે. આજે પૂનમની રાત્રે ખગ્રાસ ચંદ્રગ્રહણ થશે. ગ્રહણનો પ્રારંભ રાત્રે 9 અને 57 મિનિટે થશે. રાત્રે 11 અને 42 મિનિટે પૂર્ણ ગ્રહણ જોઈ શકાશે. જ્યારે મધરાત પછી 1 અને 27 મિનિટે ગ્રહણ પૂરું થશે. લગભગ સાડા ત્રણ કલાક લાંબુ ચાલનાર ગ્રહણ સમગ્ર ભારતમાં જોઈ શકાશે. આજે ચંદ્ર ગ્રહણને લક્ષમાં રાખી શામળાજી, શક્તિપીઠ અંબાજી, ભુજના આશાપુરા મંદિરમાં સંધ્યા આરતી દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. બધાં મંદિરો રાત્રે વહેલાં બંધ થઈ જશે.

---

## કચ્છ-વરસાદ:

બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમ વધુ મજબૂત બનીને ડિપ્રેશનમાં ફેરવાઇ છે, તો અન્ય ત્રણ સિસ્ટમ પણ સક્રિય હોતાં રાજ્યની સાથે કચ્છમાં ભારેથી અતિભારે વરસાદ વરસવાની આગાહી કરાઇ છે એ વચ્ચે કચ્છમાં ગત રાત્રિથી જ ક્યાંક ધોધમાર, તો ક્યાંક ઝાપટાંરૂપે વરસાદ વરસ્યો છે. સૌથી વધુ વરસાદ રાપર અને ભચાઉ તાલુકા ઉપરાંત રણકાંધીના બન્ની-પચ્છમના ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળી છે.

જિલ્લામાં વિવિધ તાલુકામાં ઝાપટાંથી લઇ ચાર ઇંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. પૂર્વ કચ્છમાં વાગડ સહિતના વિસ્તારમાં ધોધમાર મેઘવૃષ્ટિ થઇ, તો પશ્ચિમ કચ્છના લખપત, નખત્રાણામાં વરસાદની સ્થિતિ જોવા મળી હતી.

જીલ્લા કંન્ટ્રોલરૂમ પાસેથી મળેલા આંકડા મુજબ ગઈકાલે સાંજે 6 થી સવારે 6 વાગ્યા સુધીમાં પુરા થતાં 12 કલાકમાં ભાચાઉમાં 111 મિલિમીટર, રાપર 72, ગાંધીધામ 43, ભુજ 30, અંજાર 31, લખપત 16, નખત્રાણા 7 અને મુંદરામાં 9 મિલિમીટર વરસાદ નોંધાયો છે.

---

## વરસાદની આગાહી :

રાજ્યભરમાં ગઈકાલે અનેક જિલ્લામાં ધોધમાર વરસાદ થયાના અહેવાલ છે. તેવામાં હવામાન ખાતાએ આજે સમગ્ર કચ્છ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લીમાં છૂટાછવાયા સ્થળ પર અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, ગાંધીનગર અને મહીસાગરમાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદની શક્યતા છે.

---

## શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ-નિઃશુલ્ક મુસાફરી:

રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો પુરસ્કાર મેળવનારા શિક્ષકો S.T. નિગમની તમામ પ્રકારની બસમાં આજીવન નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. ગુજરાત રાજ્ય ઍવોર્ડી ટીચર ફેડરેશન દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ અંગે રજૂઆત કરાતા સરકારે આ નિર્ણય કર્યો છે.

અત્યાર સુધીના 957 જેટલા રાજ્ય અને રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શિક્ષકોને આ નિર્ણયનો લાભ મળશે. ઉપરાંત ભવિષ્યમાં આવા શ્રેષ્ઠ શિક્ષકના રાજ્ય અને રાષ્ટ્રીય પુરસ્કાર મેળવનારા શિક્ષકોને પણ આ લાભ મળવાપાત્ર થશે.

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ જાહેરનામુ:

તાજેતરમાં રાજયમાં વિવિધ જીલ્લાઓમાં આવેલા જળાશયોમાં ન્હાવા પડેલ વ્યક્તિઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ હોઈ, જીલ્લામાં આવેલ જળાશયો સંદર્ભે જયાં જયાં આવી ઘટનાઓ બનવાની શક્યતા હોય તેવા ભયજનક સ્થળોએ કોઈ પણ વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો કરતું જાહેરનામુ જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ દ્વારા બહાર પાડવામાં આવ્યુ છે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા મુજબ શિક્ષાને પાત્ર થશે.

---

## મોટા યક્ષ મેળાનો પ્રારંભ:

મીની તરણેતર તરીકે પ્રખ્યાત મોટા યક્ષના મેળાનો આજથી પ્રારંભ થશે. વરસાદના ઓછાયા વચ્ચે પણ મેળાનો ઉત્સાહપુર્વક ધમધમાટ જોવા મળી રહ્યો છે. સાંસદ વિનોદ ચાવડા,જીલ્લા પંચાયતના અધ્યક્ષ જનકસિંહ જાડેજા સહિતના અગ્રણીઓ આજે મેળાને ખુલ્લો મુકવામાં આવશે.

---